ગુજરાત વિકાસ રેલી

પ્રેસનોટ-૦૩ તા.૦૩.૧૨.૨૦૧૭

-----------------

**આજે સમગ્ર દુનિયા ભારતને સન્માનનીય દ્રષ્ટિએ જોઇ રહી છે.**
**તે દેશની ૧૨૫ કરોડ જનતાના કારણે શક્ય બન્યું છે**

-----------------

**વિશ્વસનીય સરકાર તરીકે ભાજપાની કેન્દ્ર સરકારને વિશ્વમાં સન્માન મળ્યુ છે**

-----------------

**મુદ્દાવિહોણી કોંગ્રેસ સફેદ દૂધ જેવા જુઠ્ઠાણા ફેલાવે છે**

-----------------

**પ્રાથમિક જ્ઞાન ખોઇ બેઠેલી કોંગ્રેસ ગુજરાતનું શું ભલું કરશે ?**

-----------------

**૧૯૯૫ પહેલા ગુજરાતનું બજેટ ૧૦,૦૦૦ કરોડ આસપાસ હતુ**
**જે આજે વધીને ૧,૭૧,૩૭૨ કરોડ રૂપિયા જેટલું થયું છે**

-----------------

**ગુજરાતની રેવન્યુ આવક કોંગ્રેસના શાસનમાં ૮,૬૦૦ કરોડ હતી**

**જેની સામે અત્યારે રેવન્યુ ૧,૨૧,૦૦૦ કરોડ છે**

-----------------

**કોંગ્રેસના રાજમાં ચોરી, માફીયાગીરી, લુંટ થતી હતી ત્યારે**
**ભાજપાના શાસનમાં પાઇપાઇનો હિસાબ અમે જનતા સમક્ષ પહોચાડીએ છીએ**

-----------------

**જેણે ગરીબોનું લુંટ્યું છે તેમણે ગરીબોને પાછું આપવું જ પડશે**

-----------------

**મુદ્રા યોજના અંતર્ગત ૯ કરોડ લોકોને લોન આપીને રોજગારના અવસરો ભાજપએ પેદા કર્યા છે**

-----------------

**દેશના લોકો તેમજ દેશનું ભલું કરવા માટે સરકારે કઠોર નિર્ણયો કરવા પડતા હોય છે**

-----------------

**વર્ગ – ૩ અને ૪ ની સરકારી નોકરીઓમાં ઇન્ટરવ્યુ પ્રથા ખતમ કરીને**
**એક પારદર્શી વ્યવસ્થા ભાજપાએ ઉભી કરી છે**

-----------------

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાજકોટ ખાતે **"ગુજરાત વિકાસ રેલી"**ને સંબોધતા જણાવ્યું હતુ કે, મેં જીવનમાં ક્યારેય નહોતું વિચાર્યુ કે હું ધારાસભ્ય, મુખ્યમંત્રી કે પ્રધાનમંત્રી બનીશ. આ યાત્રામાં રાજકોટની મહેરબાની છે માટે આજે રાજકોટ, ગુજરાત અને દેશવાસીઓનો અંત:કરણપૂર્વક આભાર માનું છું.

આજે સમગ્ર દુનિયા ભારતને સન્માનનીય દ્રષ્ટિએ જોઇ રહી છે. મારા કારણે નહી પણ આ દેશની ૧૨૫ કરોડ જનતાના કારણે શક્ય બન્યું છે. આજે દુનિયા ભારતના સામર્થ્યને સ્વીકારવા લાગી છે. વૈશ્વિક સંસ્થાઓ જેવી કે, વિશ્વ બેંક, મૂડીઝ, પ્યુના સર્વેમાં ભારતનું રેટીંગ સુધારવામાં આવ્યું છે અને વિશ્વમાં એક વિશ્વસનીય





(૨)

સરકાર તરીકે ભાજપાની કેન્દ્ર સરકારને સન્માન મળ્યુ છે. એક પછી એક સારા સમાચાર મળી રહ્યા છે ત્યારે કેટલાક લોકોને તકલીફ થઇ રહી છે અને તેમની ઉંઘ ઉડી ગઇ છે. માટે ગપગોળા ચલાવી જુઠ્ઠાણા ફેલાવી રહ્યા છે. તેમને વૈશ્વિક સંસ્થાઓના સર્વે પર પણ શંકા પેદા થાય છે ત્યારે હમણા બે દિવસ પહેલા આવેલા યુપીના જનમતમાં જનતાએ કોંગ્રેસનો કચ્ચરઘાણ કાઢી ભોંયભેગી કરી દીધી છે. ભાજપા વિજયના વિક્રમો સર્જી રહી છે ત્યારે કોંગ્રેસ પરાજયના વિક્રમો કરી રહી છે. ૧૨૫ વર્ષ જુની કોંગ્રેસ પાર્ટી કે જેણે અનેક વડાપ્રધાન દેશને આપ્યા, જેમનું પંચાયતથી પાર્લામેન્ટ સુધી એકચક્રી શાસન હતું તેમને આજે દેશમાં કોઇપણ ખૂણે પ્રજા સ્વીકાર કરવા તૈયાર નથી. આ દૂર્દશા માટે તેમણે આત્મચિંતન કરવાની જરૂર છે નહીં કે બીજા પર આક્ષેપો કરવાની. કોંગ્રેસની આવી કફોડી હાલત તેમણે કરેલ ભ્રષ્ટાચાર, સગાવાદ, જાતિવાદ, ભાઇ-ભતિજાવાદ, વોટબેંકના રાજકારણને કારણે થઇ છે. આ દેશની જુની પેઢી કે નવી પેઢી કોંગ્રેસનુ નામ સાંભળવા તૈયાર નથી. કોંગ્રેસે જાતે પોતાના પગ પર કુહાડી મારી છે.

વડાપ્રધાનશ્રીએ વધુમાં જણાવ્યું હતુ કે, મુદ્દાવિહોણી કોંગ્રેસ માત્ર સફેદ દૂધ જેવા જુઠ્ઠાણા અને તે પણ કોઇપણ જાતની ગભરામણ વગર ચલાવી રહી છે. કોંગ્રેસ કહે છે કે અમે ઉદ્યોગપતિને ૪૮૦૦૦ કરોડ એકર જમીન આપી દીધી છે. ત્યારે મારે તેમને કહેવું છે કે, તમારી માનસિક સ્થિતિ બગડી ગઇ હોય તેવા નિવેદનો ન કરવા જોઇએ કારણ કે, આ માપ પૃથ્વીના માપ કરતા ત્રણ ગણા જેટલું થવા જાય છે. જે લોકોને આ બધી નાની બાબતોમાં ગતાગમ ન પડતી હોય તે લોકો ગુજરાત કે દેશનું શું ભલું કરશે. આખેઆખી કોંગ્રેસનો ભઠ્ઠો બેસી ગયો છે. તેમને એટલુંય ખબર નથી કે આંતરરાષ્ટ્રીય હવાઇ અડ્ડો એ રાજ્ય સરકારની કામગીરીમાં નહી પરંતુ કેન્દ્ર સરકારની કામગીરીમાં આવે છે. આમ, પ્રાથમિક જ્ઞાન ખોઇ બેઠેલી કોંગ્રેસ શું ગુજરાતનું ભલું કરશે ?

વડાપ્રધાનશ્રી એ વધુમાં જણાવ્યું હતુ કે, કોંગ્રેસના શાસનનું ગુજરાત અને ભાજપાના શાસનનું ગુજરાતની સરખામણી કરીએ તો તરત જ ખબર પડે ૧૯૯૫ પહેલા ગુજરાતનું બજેટ ૧૦,૦૦૦ કરોડ આસપાસ હતુ જે આજે વધીને ૧,૭૧,૩૭૨ કરોડ રૂપિયા જેટલું થયું છે. આ કંઇ આમને આમ શક્ય બન્યું નથી. ગુજરાતની રેવન્યુ આવક કોંગ્રેસના શાસનમાં ૮,૬૦૦ કરોડ હતી જેની સામે અત્યારે રેવન્યુ ૧,૨૧,૦૦૦ કરોડ છે. પહેલા શિક્ષણ પાછળ ૧૮૦૦ કરોડ વપરાતા હતા તેની સામે અત્યારે ૨૨૦૦૦ કરોડ વપરાય છે. આરોગ્યમાં પહેલા ૪૭૦ કરોડ વપરાતા હતા તેની સામે ૯૦૦૦ કરોડ વપરાય છે. ખનીજ ઉત્પાદનનું મુલ્ય ૮૦,૦૦૦ કરોડ હતુ તેની સામે આજે ૧૨,૭૧,૦૦૦ કરોડ છે. કોંગ્રેસના રાજમાં ચોરી, માફીયાગીરી, લુંટ થતી હતી ત્યારે ભાજપાના શાસનમાં પાઇપાઇનો હિસાબ અમે જનતા સમક્ષ પહોચાડીએ છીએ. ખનીજ ક્ષેત્રમાં પહેલા ૭-૮ લાખ લોકો કામ કરતા હતા. ત્યારે તેની સામે ૧૫ લાખથી વધુ લોકો રોજી-રોટી કમાઇ રહ્યા છે. પહેલા લઘુ ઉદ્યોગોની સંખ્યા ૧,૭૫,૦૦૦ હતી તેની સામે અત્યારે બમણા કરતા પણ વધું પોણા ચાર લાખ છે. કોંગ્રેસ દ્વારા અમને વારસામાં ઘણીબધી સમસ્યાઓ મળી છે. અમે સતત પ્રયત્નોથી આ દેશને મુસીબતમાંથી બહાર કાઢી રહ્યા છીએ. ભાજપા ક્યારેય પણ ચૂંટણીઓ જીતવા વોટબેંકનું રાજકારણ કે રૂપિયાની રેલમછેલ કરી નથી અમે માત્રને માત્ર કામ કરીને પરિણામ પ્રજા સમક્ષ મુકીએ છીએ.

શ્રી મોદીએ વધુમાં જણાવ્યું હતુ કે, ભાજપાએ દેશભરમાં ૨૮ કરોડ જેટલા એલઇડી બલ્બોનું વિતરણ કર્યુ છે. ગુજરાતમાં ૩ કરોડ જેટલા એલઇડી બલ્બોનું વિતરણ કર્યુ છે તે થકી માત્ર વિજબીલમાં ૧૪ હજાર કરોડ જેટલી બચત કરી છે અને અમારી વ્યવસ્થા તેમજ નીતિઓને કારણે ૪૦ હજાર કરોડ જેટલી બચત થવા પામી છે. શ્રી મોદીએ વધુમાં જણાવ્યું હતુ કે, મધ્યમ વર્ગ માટે ઘરનું ઘર બનાવવું કોંગ્રેસના શાસનમાં ખૂબજ મુશ્કેલ હતું, અમે ૯ લાખની લોન પર વ્યાજના ચાર ટકા સબસીડી અને ૧૨ લાખની લોન પર વ્યાજમાં ૩ ટકા સબસીડી આપવાનું નક્કી કર્યુ છે તે થકી મધ્યમ વર્ગના પરીવારને સીધી જ મદદ કરી રહ્યા છે. હદયમાં મુકાતા સ્ટેન્ટની

(૩)



ગુજરાત વિકાસ રેલી

(૩)

કિંમત ૧.૫૦ થી ૨ લાખ રૂપિયા હતી. નફાખોરો વચેટીયાઓ પર લગામ લગાવી તેની કિંમત ૩૦ હજાર આસપાસ કરવામાં સફળ થયા છે તે અંગેના અમે કાયદા બનાવ્યા છે. આ બધા કાયદાઓ અને યોજનાઓના કારણે મોદી કોંગ્રેસને આંખમાં કણાની જેમ ખૂંચે છે. મોદીનું નુકશાન કરવા તડફડતી કોંગ્રેસને ખ્યાલ હોવો જોઇએ કે તેની રક્ષા દેશની જનતા જનાર્દન કરી રહી છે. શ્રી મોદીએ જણાવ્યું હતુ કે, નોટબંધીને એક વર્ષ ઉપર થયું છતા કોંગ્રેસ આંસુ પાડતા રોકાતી નથી. નોટબંધીના કારણે બોગસ કંપનીને તાળા મારી દેવામાં આવ્યા છે અને તેની તપાસ આવકવેરા વિભાગ કરી રહ્યું છે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતુ કે, જેણે ગરીબોનું લુંટ્યું છે તેમણે ગરીબોને પાછું આપવું જ પડશે.

શ્રી મોદીએ વધુમાં જણાવ્યું હતુ કે, મુદ્રા યોજના અંતર્ગત દેશના જુવાનો પગભર થાય પોતાનો ધંધો-રોજગાર કમાય તે માટે ૫૦ લાખ સુધીની લોન વગર ગેરંટીએ આપવામાં આવી છે. આ યોજના અંતર્ગત ૯ કરોડ લોકોને લોન આપવામાં આવી છે. ૮૦ ટકા લોકો તો એવા છે કે તેમણે પહેલી વખત બેંક જોઇ છે અને ૫૦ ટકા મહિલાઓને લોન આપવામાં આવી છે.

શ્રી મોદીએ વધુમા જણાવ્યું હતુ કે, વર્ગ -૩ અને ૪ ની સરકારી નોકરીઓમાં ઇન્ટરવ્યુ પ્રથા ખતમ કરીને એક પારદર્શી વ્યવસ્થા ભાજપાએ ઉભી કરી છે. મેરીટના આધારે કોમ્પ્યુટર પર નોકરીની પ્રક્રિયા પૂર્ણ થાય છે તેથી ભ્રષ્ટાચારને કોઇ સ્થાન રહેતું નથી. દેશના લોકો તેમજ દેશનું ભલું કરવા માટે સરકારે કઠોર નિર્ણયો કરવા પડતા હોય છે. સામાન્ય વ્યક્તિના જીવનમાં સુધાર લાવવા માટે પાઇ-પાઇનો ઉપયોગ જનતાના કલ્યાણ માટે થાય તે માટે ભાજપાની સરકાર કટિબદ્ધ છે. ગુજરાતની પ્રગતિ સમગ્ર દેશ અને દુનિયાએ જોઇ છે તેજ રીતે દેશ આગળ વધી રહ્યો છે.

શ્રી મોદીએ વધુમાં જણાવ્યું હતુ કે, કટોકટી પછી ઇન્દિરા ગાંધીની કોંગ્રેસ સરકાર સાફ થઇ ગઇ હતી. શ્રીમતી ઇન્દિરા ગાંધી માળાઓ પહેરીને મંદિરોમાં આટાફેરા કરતા જોવા મળ્યા હતા, કોંગ્રેસ હતાશ અને નિરાશ થઇ ગઇ હતી ત્યારે તેમણે છેલ્લા શસ્ત્ર જાતિવાદનું ઝેર ફેલાવ્યું હતું અને અત્યારે પણ કોંગ્રેસની એજ પરિસ્થિતિ છે.

શ્રી મોદીએ વધુમાં જણાવ્યું હતુ કે, અત્યારે તમારો પોતાનો જણ બેઠો છે. આજે એવા વડાપ્રધાન દેશને મળ્યા છે કે જેમનો ગુજરાત સાથે અને ગુજરાતીઓ સાથે ઘનિષ્ટ નાતો છે. ગુજરાતનું હિત જેના હૈયે વસેલું છે. ગુજરાત માટે અત્યારે સૌથી સારી બાબત એ છે કે ગુજરાતના બન્ને હાથમાં લાડુ છે અને ગુજરાતીઓની પાંચેય આંગળીઓ ઘી માં છે.

વડાપ્રધાનશ્રીએ રાજકોટવાસીઓને નવમી તારીખે વધુમાં વધુ મતદાન કરીને બધાજ ઉમેદવારોને મોટી સરસાઇથી જીતાડવાની અપીલ કરી હતી.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ



ભાજપ
દરેક ગુજરાતીનો એક જ અવાજ
હું છું વિકાસ, હું છું ગુજરાત